Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનન્દ પ્રકાશ.

પુસ્તક ૬ ઠું. વિક્રમ સંવત્ ૧૯૬૪. આસો. અંક ૩ જો.

## પ્રભુ સ્તુતિ.

### શાર્દૂલ વિક્રીડિત.

જે જ્ઞાનામૃત[1] મગ્ન થઇ ભુવનને[2] જ્ઞાનામૃતે સિંચતા,
જે સદ્બોધ રવિ[3] તણા સુકિરણો આ વિશ્વને અર્પતા,
જેનું શાસન ભવ્ય જીવ જનને[4] આનંદ આપે અતિ,
તે શ્રીવીર પ્રભુ પ્રભાવ ધરતાં દ્યો સર્વને સન્મતિ. ૧

## ગુરૂ સ્તુતિ.

### શિખરિણી.

પવિત્ર પ્રેમેથી પ્રગટ ઉપકારો અતિ કર્યા,
રચી ગ્રંથો સારા અબુધ[5] જન મિથ્યાતમ[6] હર્યા,
અનંતા ઉદ્ધાર્યા સુભવિ જન બોધી સ્વવદને,[7]
નમો તેના નિત્યે વિમલ વિજયાનંદ[8] પદને.

૧ જ્ઞાનરૂપી અમૃતમાં મગ્ન થઇ. ૨ જગતને. ૩ સદ્બોધરૂપી સૂર્યના. ૪ ભવ્ય જીવોના સમૂહને. ૫ અજ્ઞાની માણસોના. ૬ મિથ્યાત્વરૂપ અંધકાર. ૭ પોતાને મુખે બોધ આપી. ૮ શ્રી વિજયાનંદસૂરિના ચરણને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદ્ગુણલાલનો સંસ્કૃત સંસાર.

( અનુસંધાન ગયા અંકથી ).

એ સમયે એ શહેરમાં સર્વ કોઇની થઇ પડેલી અત્યન્ત દયાજનક સ્થીતિ નિહાળી શોકસાગરમાં ડુબેલો **સદ્ગુણલાલ** નામનો ગૃહસ્થ કે જેના અનુકરણ કરવા લાયક, શ્રવણ મનન ને નિદધ્યાસનને યોગ્ય, ગૃહસ્થાશ્રમના અનુપાલન સંબંધી સમજણ ભરેલા શુદ્ધ વિચારો પહેલા પ્રકરણમાં આપેલા છે, અને જેનો સંસાર આપણે અત્યારે આલેખવા માગીએ છીએ, તેજ એકલો " દુઃખે યે ધૈર્યને ધારી " ભવિતવ્યતાને બળવાન્ ગણી શાન્ત થઇને બેઠો હતો. " ભૂત—કાળ ગયો તે તો ગયો, થવાનું હતું તે થયું; વર્તમાન પણ આ પ્રકારનાં કલેશાદિથી નિર્ગમન કરવો પડે–છે; અને ભવિષ્યમાં પણ જે લખ્યું હશે તે સહન કરવું પડશે. કારણ કે **लिखितमपि ललाटे प्रोज्झितुं कः समर्थः ।** " આમ તે પોતાના માનસ સરોવરમાં રાજહંસરૂપી ઉચ્ચ વિચારોનેજ અવકાશ આપતો; એનાં જળને કદિ પણ કનિષ્ટ તર્ક-કુતર્કથી ડોળાવા દેતો નહીં. સર્વ કોઇ ફર્યાદ કરતું-કોઇ કહેતું કે જેના દિવસ પહોંચી વળ્યા છે તેનેજ મરકી થાય છે; કોઈ કહેતું કે જેનો ઘડો પાપે ભરાઇ ગયો છે તેનેજ મરકી લાગુ પડે છે. કોઇ એમ સમજાવવા મથતા કે જેઓ નિરન્તર નાહ્યા ધોયા વિના અશુદ્ધ અંગોપાંગ કે મલીન વેશને ધારણ કરી રહે છે, એવાઓનેજ મરકી સપાટામાં લે છે; તો કોઇ એમ સાબીત કરવા આગળ પડતા કે જેઓ આહાર વિહારાદિમાં નિયમિત રહેતા નથી, પથ્ય કુપથ્ય સમજતા નથી, અને ગમે તે વખતે જે આવ્યું તે ખાઇ જતાં પૂર્વે વિચાર કરતા નથી એવાજ મરકીને શરણ થાય છે. આમ જે જે મતને લોકો અનુસરનારા હતા, અથવા જે જે વૃત્તિ જેઓની હતી, તે તે મત કે તે તે વૃત્તિને સુદૃઢ કરનારા સૂત્રો (?) એઓ નવાં રચીને મુખપાઠ કરી રાખી રસ્તે 'કમળ' નો 'ક' 'ખજુરા'નો 'ખ' એમ જયાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં હરતાં ફરતાં ગોખ્યા કરતા [illegible]ળીઓઓની પ[illegible] બોલતા હતા. સાધારણ વર્ગ–સમજુ–અણસમજુ [illegible] પાપ આંબી મળ્યું, એમ આક્ષેપ કરતાં; તો દરદીને તપાસતાં પોતાના હસ્તક-મળનો સહેજ સ્પર્શ થઈ જતાં પંદર મિનિટ સુધી સાબુ અને પાણીનો ઉપયોગ કરતા કેટલાક દાક્તર લોકો એકદમ સ્વચ્છતા રાખવાની વાત કરતા—neat skin and neat dress ( સ્વચ્છ ચામડી અને સ્વચ્છ વસ્ત્ર ) અને નખ સુદ્ધાં હમેશાં એકદમ સાફ લેવરાવેલા રાખવાનું કહેતા; જ્યારે આપણા દેશી વૈદ્યો આહાર વિહારના અનિયમિતપણા ને પથ્ય કુપથ્યની બેકાળજી વિષે વ્યાખ્યાન કરતા. જમાનાના સમજુકોની આવી દલીલોમાં, સદ્ ગુણલાલનો એક વકીલ પાડોશી હતો તે વળી પોતાનો એક નવોજ પંથ સ્થાપતો. તે કહે તો કે ભાઇઓ, આ તમે સૃષ્ટિ રચો છો તે એમ નથી. મરકી એ નથી અવસ્થાથી પરિણમતી; નથી અસદ્ આચરણ–પાપથી ઉદ્‌ભવતી; નથી આહારાદિના અનિયમિતપણાથી ઉત્પન્ન થતી; કે નથી સ્વચ્છતાના અભાવે પ્રકટી નીકળતી. ભાઇઓ એનું કારણ એકુ નવુંજ છે. એમ છે કે આપણા દેશમાં હમણાં હમણાં વસ્તી બહુ વધી ગઇ છે. ( ગયા દશમા વરસને અન્તે થયેલા સરકારના વસ્તી પત્રકને હમણાંજ થયેલા સાથે સરખાવશો તો તમને મારા કહેવાની ખાત્રી થશે. ) અને કુદરતનો એવો નિયમ છે કે બહુ વધી ગયું તે ઘટવુંજ જોઇએ; પાછું પોતાની મૂળ સ્થિતિએ પહોંચવુંજ જોઇએ. એમ ને એમ વધ્યા કરે તો એ સમાયજ ક્યાં ? એ સચવાયજ કેવી રીતે ? માટેજ જગન્નિયન્તાએ આવો એક ઉપદ્રવ મોકલ્યો છે. તેને તમે મરકી કહો કે ગમે તે નામથી બોલાવો–અને એ છે પણ જરૂરની—આમ પોતાનો જાણે સાચો અન્તઃકરણનો અભિપ્રાય વગર માગ્યે આપતો. ત્યાં વળી કેટલાક વિશેષ ડાહ્યા–ડમરા સુધારાવાળાઓ, સર્વ માન્ય થવા લોકોપર આગ્રહ-પૂર્વક પ્રક્ષેપાયલી વિદેશી વિદ્વાનોની માન્યતાને આધારે મૂષકરાજ ( ઊંદર )નેજ આ ક્રૂર મરકીનું કારણ કહેતા ( જો કે એ યમરાજની દંષ્ટ્રા–દાઢ કહેવાતીનું ખરૂં કારણ કોઇ શોધી કાઢી સાબીત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શકયું નહોતું. ) આમ સર્વ કોઇ પોતપોતાને રૂચતા અભિપ્રાય બાંધતા–ને ફર્યાદ કરતા. નહિં ફર્યાદ કરનારામાં એકલો આપણી આ વાર્તાનો નાયક સદ્ગુણલાલજ હતો. તે ફક્ત ભવિતવ્યતાનેજ બળવત્તર ગણતો; જે કાળે જે બનવાનું હોય છે તે ગન્યાજ કરે છે. તે કહેતો કે સર્વ જગત્ જે કર્મ વિપાકને વશ છે તે આ સર્વ કર્મના વિપાક છે; માટે મારે અત્યારે આ કલેશયુક્ત અવસ્થામાં દીન ન થવું જોઇએ, તેમ સુખ આવે હર્ષિત પણ ન થવું જોઇએ.[1] એમ વિચારી તે કર્મોના ફળોદયને નિર્મળ મનથી જોતો, અને ચિત્તને વિષે, ઉદય આવેલાં સર્વ કર્મને ક્ષયયોગ્યપણું છે, એમ સમજી તુલ્ય દૃષ્ટિ ધારણ કરતો.[2]

પણ આવી ઉત્તમ વિચારશ્રેણિયુક્ત ધૈર્ય, સહિષ્ણુતા અને પ્રશાન્તિ આ સમયે સદ્ગુણલાલમાં દૃષ્ટિગોચર થાય છે તે પરથી એમ નથી સમજવાનું કે તે વર્તમાનમાં પ્રસરી રહેલી આપત્તિના કોઇપણ પ્રકારથી બીલકુલ મુક્ત હતો. તેના પોતાનાજ ઘરમાં એકજ વખતમાં ત્રણ જણ આ જીવલેણ વિપત્તિના ભોગ થઇ પડ્યા હતા: એનું આખું ઘર સાંજે વાળુપાણી કરી સુતેલું રાત્રિનો આરામ લઇને ઉઠયું હતું; વહેલો ઉઠીને સામાયિક કરનારો સદ્ગુણલાલ તે કરી રહેવા આવ્યો હતો; તેનો પિતા વૃદ્ધ ધર્મદાસ શેઠ નવકારશીનું પચ્ચખાણ પારી દાતણ કરવા બેઠો હતો; એટલામાંજ એનું શરીર તપી આવ્યું. વાત કરતાં તાવ વધી ગયો અને સદ્ગુણલાલ સામાયક પૂરી કરી ઉઠયો ત્યાંતો કેસ વધી પડયો. બપોર અને સાંજ પડી; અને મંદવાડે એકદમ સખત રૂપ પકડયું, અને વૃદ્ધાવસ્થા-

---

१ दुखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य च विस्मितः ।
मुनिः कर्मविपाकस्य जानन् परवशं जगत् ॥

श्रीमद् यशोविजयजी

२ साम्यं बिभर्ति यः कर्मविपाकं हृदि चिन्तयन् ।
स एव स्याच्चिदानन्दमकरन्दमधुव्रतः ॥

श्रीमद् यशोविजयजी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્ય અશક્તિની સહાયતાથી સદ્ગુણલાલના ગુરૂજનને પ્રાણુરહિત કર્યા. એમને અગ્નિ સંસ્કાર કરી ઘેર આવ્યા ત્યાં પાછળ એક એમની બાળ વિધવા કાકીને મૃત્યુને શરણ થયેલી જોઇ-અને ત્રીજે દિવસે ઘરના કામકાજ કરનારા માણસને પણ એજ હાલતમાં જોયો. પણ **સદ્ગુણલાલે** આ સર્વ આપત્તિ આશ્ચર્યકારક સહનશીલતાથી સહન કરી. એક તો એનો સ્વભાવજ મૂળથી સહન કરવાનો હતો તેમાં વળી આવી ભયંકર મરકી જેવી આપત્તિથી લોકોનાં અન્તઃકરણની સાથે એનું પણ કંઇક સદ્જ્ઞાનના પંથ તરફ વળ્યું હતું–ધર્મધ્યાનરૂપી વરસાદથી દયારૂપી નદીનું સમતારૂપી પૂર અતિ પ્રસરવાથી એનું વિકારરૂપી વૃક્ષ શાખાપ્રશાખા સહિત ઉન્મૂલન થઇ ગયું હતું.[1] એક વીતરાગને વિષે પ્રીતિ ને આજ્ઞાનુસારિપણું એનામાં એટલે બધે અંશે પ્રકટ થયું હતું કે અદ્યાપિપર્યંત કરેલાં ગમે તેટલાં ધર્માનુષ્ઠાનથી તેનો દશાંશ પણ એનામાં આવ્યો નહોતો. લોકો અત્યાર સુધી જે જે પ્રકારના દોષાદિમાં લપટાયલા રહેતા તે તે દોષો તો સર્વે દૂર જતા રહ્યા હતા; ને સર્વજન પોતાનો ધર્મ (duty) બજાવવામાં, ધર્મ (religion) ની ફરજો અદા કરવામાં લેશપણ પાછળ નહોતા પડતા. જેઓ પૂર્વે પર્યૂષણ જેવા સર્વોત્કૃષ્ટ પર્વદિવસોમાં એક પણ ધાર્મિક કાર્ય ( સામાયિક–પ્રતિક્રમણ–આદિ ) ભાગ્યેજ કરતા તેઓ પણ વહેલા વહેલા ઉઠીને શ્રાવકને ઉચિત સર્વ પ્રભાતનાં ધર્માનુષ્ઠાન ( સામાયક–દેવપૂજા–ગુરૂવંદન–ધર્મવ્યાખ્યાનશ્રવણ આદિ ) કરવા ભુલતા નહિં. સર્વના મનમાં એમ નિઃશંસયપણે સચોટ ઠસી ગયું હતું કે આ સંસાર વૃથા છે અને આ જીવન ક્ષણભંગુર છે. વળી " હું અને મારૂં " એ મોહનો મંત્ર છે, અને " હું કોઇનો નથી, અને મારૂં કંઇ નથી " એ મોહને

---

१ ध्यान वृष्टेर्दयानद्याः शमपूरे प्रसर्पति ।
विकारतीरवृक्षाणां मूलादुन्मूलनं भवेत् ॥
श्रीमद् यशोविजयजी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીતનારો મન્ત્ર છે એમ પણ એઓ સમજવા લાગ્યા હતા.[1] ટુંકામાં આ કારમા સમયનું લોકોનું વર્તન જેવું श्राद्धधर्म संहितामां વર્ણવેલું છે તેનો એક જાણે આદર્શ જ હોયની, નમુનો જ હોયની એવું થઇ પડયું હતું.

## પ્રકરણ ત્રીજું.

બીજા પ્રકરણમાં વર્ણવી ગયા એવો મરકીનો ઉપદ્રવ પ્રારંભથીજ જોઇ સદ્ગુણલાલ જેવા સહિષ્ણુ પ્રકૃતિવાળાનું મન પણ ભાંગી ગયું હતું. જેવું એણે સાંભળ્યું કે ઉપદ્રવ બહુ વધી ગયો છે, બજાર એકદમ સ્ટ્રોંગ થઈ ગયું છે તેવોજ એ થંડોગાર અને ફિકકો-ફચ થઇ ગયો. જેટલાં જેટલાં એ દુષ્ટ આપત્તિના પ્રતિકાર સાંભળ્યા તેટલા તેટલા એણે તૈયાર કરી રાખ્યા. આખા ઘરમાં ચુનો ધોળાવ્યો, રસોડું સાફસુફ કરાવ્યું; પોતાના પાડોશીઓને પણ તેમ કરવા સૂચના કરી. ખુણેખોચરે ધૂપ કરાવ્યો અને માણસને એ દિવસરાત્રી જાગતો રાખવાનું કહ્યું. જમવાના પદાર્થમાં મરકીને સહાય કરનારી વસ્તુઓ દૂર કરાવી, એનો નાશ કરવાવાળી વસ્તુઓ પીરસવાનો હુકમ કર્યો. પ્લેગ સોલ્યુશન, ગોવીંદજી મીક્ષચર, ગજ્જર્સ ફીવરપીલ્સ આદિ દવાઓ, અને લીંબડો વગેરે બહુજ આવશ્યકતાવાળી વનસ્પતિ મંગાવી તૈયાર રાખી. પોતાના પડોશમાંજ એક દાકતર રહેતો હતો, તેથી એને પણ જરૂર પડયે ત્યારે ધારીશું ત્યારે બોલાવીશું—એ વિચારે વળી એને તાજો દિલાસો અને હિમ્મત આપ્યાં.

પણ આટલાં આટલાં તૈયાર કરી મુકેલાં સાધનોયે મરકીના સપાટામાં આવેલાંને બચાવી શકયા નહિ. ધર્મદાસ શેઠ લેવાણા ત્યારે દવાઓ જયાંની ત્યાં રહી. દવા આપવાનો કે પાવાનો વખત

---

१ अहं ममेति मंत्रोऽयं मोहस्य जगदान्ध्यकृत् ।
अयमेव हि नञ्पूर्वः प्रतिमंत्रोऽपि मोहजित् ॥
श्रीमद् यशोविजयजी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળે તે પહેલાં તે વયોવૃદ્ધ હતો શ્વાસ ગહુાર પડી ચુકયો અને કંઠે પ્રાણ આવ્યા હતા.

બીજા બે કેસમાં પણ અંગ્રેજી અને દેશી ઓષધીઓના ઉપચાર કર્યા. છતાં એક પણ દવા લાગુ પડી નહીં. સદ્ગુણુલાલને તો આ સર્વ ઔષધોપર સંપૂર્ણ વિશ્વાસ હતો પણ એ યે આવા બનાવ બન્યા પછી તદ્દન ઉઠી ગયો, અને ખુદ પોતાનાજ ઘરમાં ત્રણ ત્રણ મરકીના કેસ થયા એટલે લાચાર થઇ ભવિતવ્યતાને બળવાન્ ગણી ધીરજ ધરી બેસી રહ્યા.

ટુંકામાં, ઘણા દિવસ પર્યન્ત આ વિકરાળ વ્યાધિ એ શહેરમાં ચાલુ રહ્યો, એમાં અનેક ઘર લુટાયાં અને બહુ બહુ કુટુંબો પુરી વિપત્તિમાં આવી પડ્યાં એટલી બધી ખરાબી થઇ. એટલે સુધી કે આપણા એક ઉદાર અને પરોપકારી ગૃહસ્થ ત્રિલોકચંદ્ર કે જેઓ મરકીથી ભય પામીને પોતાના અસલ વતન સુરત જતા રહ્યા હતા તેઓ અહીં આવ્યા તેજ રાત્રીએ પોતાના ચોપાટીપરના બંગલામાં એજ આપત્તિમાં આવી પડયા; એમને મરકી લાગુ પડી. અન્ય સેંકડો-બંધ મૃત્યુ મરકીથી થવા પામ્યાં હતાં પરન્તુ આ ત્રિલોકચંદ્ર શેઠનું મૃત્યુ સર્વને બહુ લાગ્યું. એમના સમાન ઉદારચરિત અને ગરીબોનો તો બેલી આખા શહેરમાં કોઇ ન્હોતો. એવા મહાપુરૂષના મરણથી ઘેર ઘેર શોકવાદળ છવાઇ રહ્યાં. એટલામાં વળી પૂર્ણપણે સ્વચ્છ અને ચોખ્ખી રહેનારી કહેવાતી વિદેશી પ્રજામાંના એકાદ બે અમલદારો કે જેઓ દેશીઓથી દૂર દૂર એકાન્ત લત્તામાં મહેલ જેવા બંગલામાં રહેતા હતા એઓ પણ આ સર્વંકશ મરકીના સપાટામાં આવી પડયા અને કાળ શરણ થયા. પણ હવે લોકો કહેવા લાગ્યા કે બસ હવે તો આ મરકી શાન્ત થશે. કારણકે કહેવત છે કે આવી મરકી કોઇ મ્હોટા લોકોને જોયા વિના જતી નથી. લોકો ગમે તેમ કહેવા–સમજાવવા લાગ્યાં હોય–પરન્તુ એટલું તો થયું કે એમનો ગભરાટ નરમ થવા લાગ્યો. ધૈર્ય અને શાન્તિ પ્રસરવા લાગી અને સૌ લોકો પોતપોતાના ધંધા રોજગારમાં પડવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ માણસ ધારે છે શું અને દૈવ બનાવે છે શું ? "જીવ અનેરૂં ચિન્તપે, દૈવ અનેરો હોય": કારણ કે એક દિવસ બિછાનામાંથી ઉઠતાં સદ્‌ગુણલાલની એકદમ તબીયત બગડી આવી. એણે ઉઠવાને ઘણા ઘણા પ્રયત્નો કર્યા પરન્તુ એની તાકાત એકદમ ઘટી ગઇ. તાપ પૂરજોસમાં આવ્યો અને એનાં હૃદયમાં ધડાકા થવા લાગ્યાં. ઘરનાં ન્હાનાં મ્હોટાં સર્વે જાગી ઉઠયાં ને એને માટે કોઈ કંઇ તો કોઈ કંઇ ઉપચારને અર્થે આમતેમ જવા આવવા લાગ્યા. કહેવાયું કે કંઇ કુપથ્ય થયું હશે ને પેટમાં ભાર હશે એના જોરથી આ તાવ એકદમ જોરથી આવેલો છે તે હમણાં ઉતરી જશે. પણ સદ્‌ગુણલાલનો તો જીવ અંદરખાનેથી એવો ગભરાવા લાગ્યો કે તેણે ધાર્યું કે હું હવે થોડો વખત દુનિયામાં છું. પાસે રહેનારા એક પાસ થયેલા દાકતરને બોલાવી દવા લીધી. પણ એણે કંઇપણ અસર કરી નહિં. આખો દિવસ અને રાત્રી એજ અવસ્થામાં પસાર થઈ. બીજી સવાર થતામાં તો મૃત્યુનાં સર્વ ચિન્હો પ્રકટ થયાં. ચાર પહોરની બિમારીમાં વાત વધી પડી. પણ એટલામાં પડોશના એક વૃદ્ધ અનુભવી હકીમને કોઇ જઇને તેડી આવ્યું. આવા મરકીના કેસવાળાને જોવા જતાં બહુજ બ્હીકણ સ્વભાવના છતાં હકીમજી આવ્યા તો ખરા. પણ કેસને દૂરથીજ જોઇને પોતે સાથે કોઇ પુરાણી જડી બુટ્રી લાવ્યા હતા તે ઘસીને દરદીને કલાકે કલાકે પાવાનું કહીને ગયા. સાથે કહેતા ગયા કે "દરદીની પાસે સામટાં માણસોએ બેસી ન રહેવું; પણ એને એકલો સુઇ રહેવા દેવો. જો એને નિન્દ્રા આવી ગઈ તો જાણવું જે ભય સર્વે દૂર થયો. અને એ વિષે પાછી મને જલદીથી ખબર આપવી." એ વૃદ્ધ અનુભવી હકીમજીની સૂચના મુજબ બે ત્રણ વખત સદ્‌ગુણલાલને દવા આપવામાં આવી; અને ત્યારપછી એને એકલો ઓરડામાં મુકીને સૌ ખસી ગયાં; જો કે એને શું થાય છે, એ કંઈ બોલે છે, બોલાવે છે કે કેમ વગેરે જોવાને ચુપચુપ કોઈ કોઇ ઓરડામાં આવી જતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સોળ સંસ્કાર.

( અનુસંધાન ગત અંક ૭ માના પૃષ્ટ ૧૬૯ થી. )

न बालानां चाशुचीनां नाधर्माणां न दुर्दशाम् ॥
न प्लुतानां न दुष्टानां दुर्जातीनां न कुत्राचित् ॥ ११ ॥

બાળક, અપવિત્ર, અધર્મી, દુષ્ટદષ્ટિવાળા, ભ્રષ્ટ, દુષ્ટ અને દુર્જાતિવાળાઓને તે નવકાર મંત્ર સ્મરણ કરવા યોગ્ય નથી. ૧૧.

अनेन मंत्रराजेन भूयास्त्वं विश्वपूजितः
प्राणांतेऽपि परित्यागमस्य कुर्यान्न कुत्राचित् ॥ १२ ॥

આ મંત્રરાજ ( નવકાર ) થી તું આ વિશ્વમાં પવિત્ર થા અને પ્રાણાંતકાલે કયારે પણ એ મંત્રરાજનો ત્યાગ ન કર. ૧૨

गुरुत्यागे भवेद् दुःखं मंत्रत्यागे दरिद्रता ।
गुरुमंत्रपरित्यागे सिद्धोऽपि नरकं व्रजेत् ॥ १३ ॥

ગુરૂનો ત્યાગ કરવાથી દુઃખ થાય છે, અને મંત્રનો ત્યાગ કરવાથી દરિદ્રતા આવે છે. ગુરૂ અને મંત્ર બંનેનો ત્યાગ કરવાથી સિદ્ધ પણ નરકે જાય છે. ૧૩.

इति ज्ञात्वा सुग्रहीतं कुर्या मंत्रममुं सदा ।
सेत्स्यंति सर्व कार्याणि तवास्मान्मंत्रतो ध्रुवम् ॥ १४ ॥

આ પ્રમાણે જાણીને આ મંત્રને સદા ગ્રહણ કરી રાખજે. એ મંત્રથી તારા સર્વ કાર્યો નિશ્ચય સિદ્ધ થશે. ૧૪.

આ પ્રમાણે ગુરૂ શિક્ષા આપે, તે પછી બાળક ' नमोऽस्तु ' એમ કહી ગુરૂને ત્રણ પ્રદક્ષિણા કરી નમસ્કાર કરે. પછી પોતાની શક્તિ પ્રમાણે શિષ્યે ગુરૂને સુવર્ણની જિનોપવિત, રેશમી શ્વેતવસ્ત્ર અને સુવર્ણની કટી મેખલા આપવી. અહિં જીનોપવિત આપવાનો વ્રતબંધ વિધિ પૂર્ણ થાય છે.

इति व्रतबंध विधिः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अथ व्रतादेशविधिः

વ્રત બંધનો વિધિ પુર્ણ થયા પછી વ્રતાદેશનો વિધિ કરવામાં આવે છે. તેજ સમયે તે ચાલતા ઉત્સવમાં તે વિધિની અંદર તે પ્રતિમાની સમક્ષ તે વિધિ કરવામાં આવે છે. પ્રથમ ગૃહસ્થ ગુરૂ તે ઉપનીત પુરૂષે રાખેલા સુતરૂ અથવા રેશમી ઉત્તરીય વસ્ત્ર દૂર કરી કટિમેખલા, જિનોપવિત અને કૌપીન–એ ત્રણ વસ્તુ શરીર ઉપર રાખી તે ઉપર કાલા મૃગચર્મ, અથવા વલ્કલ પેહેરાવી હાથમાં પલાશ–ખાખરાનો દંડ આપે છે. તે દંડ આપતી વખતે તે નીચેનો મંત્ર ભણે છે.

" ॐ अर्हं ब्रह्मचार्यसि । ब्रह्मचारिवेषोऽसि । अवधिब्रह्मचर्योऽसि । धृतब्रह्मचर्योऽसि । धृताजिनदंडोऽसि । बुद्धोऽसि । प्रबुद्धोऽसि । धृतसम्यक्त्वोऽसि । दृढसम्यक्त्वोऽसि । पुमानसि । सर्वपूज्योऽसि । तदवधि ब्रह्मव्रतं आगुरुनिदेशं धारयेः । अर्हं ॐ ॥

આ મંત્રનો એવો ભાવાર્થ છે કે, " હે શિષ્ય, તું બ્રહ્મચારી છે, બ્રહ્મચારિના વેષને ધારણ છે, અવધિ બ્રહ્મચારિ છે. બ્રહ્મચર્યનો રાખનાર છે, તું મૃગચર્મ તથા દંડને ધારણ કરનાર, બુદ્ધ, પ્રબુદ્ધ, સમ્યકત્વને ધારણ કરનાર અને દૃઢ સમ્યકત્વવાન્ છે. તે સાથે તું પુરૂષ છે અને સર્વને પૂજ્ય છે. તેથી ગુરૂની આજ્ઞા સુધીના અવધિવાળા બ્રહ્મચર્યને ધારણ કર. "

આ પ્રમાણે બોલાવી ઉપનીત પુરૂષને કાષ્ટના આસન ઉપર બેસાડી તેના હાથમાં દર્ભની અથવા સોનાની મુદ્રિકા પહેરાવવામાં આવે છે. તે મુદ્રિકા પેહેરાવતી વખતે નીચેનો મંત્ર બોલાવામાં આવે છે.—

" पवित्रं दुर्लभं लोके सुरासुरनृवल्लभम् ।
सुवर्णं हंति पापानि मालिन्यं न च संशयः ॥ १ ॥

" આ લોકમાં સુર અસુર તથા મનુષ્યોને પ્રિય અને લોકમાં દુર્લભ એવું પવિત્ર સુવર્ણ પાપનો નાશ કરે છે અને મલિનતાને દૂર કરે છે. એમાં સંશય નથી. " ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી જિનોપવિત ધારણ કરનાર શિષ્ય પંચ પરમેષ્ટી મંત્ર ભણી ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરેથી ચારે દિશાઓમાં જિનપ્રતિમાની પૂજા કરે છે, પછી જિનપ્રતિમાને પ્રદક્ષિણા કરી ગુરૂને પ્રદક્ષિણા કરે છે અને તેવખતે 'नमोऽस्तु' કહી નમસ્કાર કરે છે. પછી શિષ્ય ગુરૂને કહે છે કે, "भगवन् उपनीतोऽहं" હે ભગવન્, મેં જિનોપવિત ધારણ કરી છે.' ત્યારે ગુરૂ કહે છે. "सुष्टूपनीतो भव" "સારી રીતે ઉપવિત વાળો થા." ઉપનીત શિષ્ય નમસ્કાર કરી કહે છે કે, "कृतो मे व्रतबंधः" "મેં વ્રત બંધ કર્યો." ત્યારે ગુરૂ "सुकृतोऽस्तु" "તારો વ્રતબંધ સારી રીતે કરેલો થાઓ." તે પછી શિષ્ય નમસ્કાર કરીને કહે છે- "जातोहं ब्राह्मणः। क्षत्रियो वा। वैश्यो वा।" "હું બ્રાહ્મણ અથવા ક્ષત્રિય અથવા વૈશ્ય થયો છું." પછી ગુરૂ કહે છે કે "दृढव्रतो भव" "दृढसम्यक्त्वो भव" "તું દૃઢ વ્રતવાળો અને દૃઢ સમ્યકત્વ વાળો થા" પછી શિષ્ય નમસ્કાર કરી કહે છે—"भगवन्, यदि त्वया कृतो ब्राह्मणोहं तदादिश कृत्यं" "હે ભગવન, જો તમે મને બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય કર્યો હોય તો મને મારા કર્ત્તવ્યની આજ્ઞા આપો. પછી ગુરૂ તેને કહે છે કે, હું અરિહંત ભગવાન્ની વાણીથી આદેશ કરૂં છું." પછી શિષ્ય કહે છે કે, "હે ભગવન્ નવ પ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિવાળા જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્નોનો મને આદેશ કરેલો છે.,, ગુરૂ તે વાત સ્વીકારે છે. પછી શિષ્ય કહે છે કે, "મને નવ પ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિથી ગર્ભિત એવા જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્નોનો આદેશ કરો. પછી ગુરૂ શિષ્યને આદેશ કહે છે. તેવી રીતે પાછી તેને માટે ગુરૂની આજ્ઞા લેવામાં આવે છે એટલે ગુરૂ આજ્ઞા આપે છે. પછી નવ બ્રહ્મચર્યની ગુપ્તિ સહિત જ્ઞાન, દર્શન અને ચારિત્રને માટે કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ પ્રકારે અનુજ્ઞા લેવામાં આવે છે. અહિં ક્ષત્રિય શિષ્યને અનુજ્ઞા કહેવાની નથી અને વૈશ્યને ફક્ત આદેશ કહેવાને કહેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે અનુજ્ઞા લીધા પછી જિનોપવીતને ધારણ કરનારો શિષ્ય અંજલિ જોડી કહે છે " હે ભગવન્, મને વ્રતાદેશ આપો. " પછી ગુરૂ વ્રતાદેશ આપે છે. એ વ્રતાદેશમાં બ્રાહ્મણને માટે નીચે પ્રમાણે શિક્ષા આપેલી છે.

" બ્રાહ્મણે સદા પોતાના હૃદયમાં પરમેષ્ટીનોમહામંત્ર ધારણ કરવો. નિર્ગ્રંથ મુનિઓની હમેશાં ઉપાસના કરવી. ત્રિકાલ જિન પૂજા કરવી ત્રિકાલ સામાયિક લેવું અને સાતવાર શક્રસ્તવ ( નમોથ્થુણં ) બોલી જિન ભગવંતને વાંદવા. ત્રણ વખત અથવા એક વખત પવિત્ર જલથી સ્નાન કરવું. મદ્ય, માંસ, મધ, પાંચ જાતના ઉદુંબર, કાચા ગોરસ સાથે મળેલ દ્વિદલ, જેની ઉપર લીલફુલ વળેલી હોય તેવું અન્ન, બોળ અથાણું, રાત્રી ભોજન, શૂદ્રનું અન્ન અને દેવને ધરેલું નૈવેદ્ય એ મરણ કાળે પણ ખાવું નહિં. ગૃહવાસમાં રહીને પ્રજાને માટે સ્ત્રી ભોગ સેવવો, કામને માટે નહિં. વિધિ પ્રમાણે ચાર આર્ય—જૈન વેદ ભણવા. ખેતી, પશુપાલવૃત્તિ અને સેવાવૃત્તિ ( નોકરી ) ન કરવી. હમેશા શૌચ રાખી સત્ય વચન બોલવું. જીવ રક્ષા કરવી. પરસ્ત્રી અને પરધનનો ત્યાગ કરવો. કષાય તથા વિષય વર્જવા. પ્રાયે કરીને ક્ષત્રિય અને વૈશ્યને ઘેર જમવું નહિં. જે જૈન બ્રાહ્મણો હોય, તેમને ઘેર ભોજન કરવું. કદિ પોતાની જ્ઞાતિનો હોય, પણ જો મિથ્યાત્વથી યુક્ત અને અભક્ષ્ય ખાનારો હોય તો તેને ઘેર પ્રાયઃ ભોજન ન કરવું. તેવે ઠેકાણે સ્વયંપાકથી ભોજન કરવું. નીચ માણસનું કાચું અન્ન કે દાન પ્રત્યક્ષ લેવું નહિ. નગરમાં ફરવા જતાં કોઇનો સ્પર્શ કરવો નહિં. ઉપવિત–જનોઇ, સુવર્ણની પવિત્રી અને ઉત્તરીય વસ્ત્રનો ત્યાગ કરવો નહિ. કોઇ બીજા કારણ શિવાય માથા ઉપર પાઘડી રાખવી નહિ. પ્રાયેં કરીને બધા પ્રાણીઓને ધર્મોપદેશ આપવો. વ્રતારોપ શિવાય બાકી ગૃહસ્થોના પંદર સંસ્કારો નિર્ગ્રંથ ગુરૂની આજ્ઞાથી કરવા. વળી નિર્ગ્રંથ ગુરૂની આજ્ઞાથી શાંતિક, પૌષ્ટિક, અર્હંત વગેરેની પ્રતિષ્ટા અને પ્રત્યાખ્યાન કરવા. મિથ્યા શાસ્ત્રને વર્જીને દઢ સમ્યકત્ત્વને ધારણ કરવું. અનાર્ય દેશમાં જવું નહિં. મન, વચન અને કાયાની શુદ્ધિથી શૌચ કરવું. હે વત્સ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે જ્યાં સુધી તારે સંસાર રહે ત્યાં સુધી વ્રતાદેશ પાળવો.

" હવે જૈન ક્ષત્રિયોનો વ્રતાદેશ કહે છે—

ક્ષત્રિયે નિરંતર પરમેષ્ટિ મહામંત્રનું સ્મરણ કરવું. ત્રણ કાલ નમોથ્થુણું ભણી જિન ભગવંતને વંદના કરવી. મદ્ય, માંસ, મધુ, બોળ અથાણું, પાંચ પ્રકારના ઉદુંબર અને રાત્રી ભોજન—એ યત્નથી વર્જવા. દુષ્ટ જનનો નિગ્રહ કરવો. યુદ્ધ સિવાય બીજે પ્રસંગે પ્રાણીઓનો વધ ન કરવો. સ્થૂલ મૃષાવાદનો ત્યાગ કરવો. પરનારી, પરધન અને પરનિંદાને છોડી દેવી. યુક્તિથી સાધુની ભક્તિ કરવી, બાર વ્રત પાળવા, પરાક્રમને વિરોધ ન આવે, તેવી રીતે જિન પૂજન કરવું. પોતાના મનના યત્નથી ઉપવીત તથા અંતરિય વસ્ત્ર ધારણ કરવા. અન્ય મતના સાધુઓને, અન્યમતી બ્રાહ્મણોને અને અન્ય દર્શનના દેવાલયોને વ્યવહારથી પ્રણામ કરવો. અને તેમને દાન આપવું. દૃઢ સમ્યક્ત્વવડે યુક્ત થઇ જૈન બ્રાહ્મણો અને નિર્ગ્રંથોની પાસે સર્વ સાંસારિક કર્મ તથા ધર્મ કર્મ કરાવવું. શત્રુઓથી વ્યાપ્ત એવા રણ ક્ષેત્રમાં હૃદયને વિષે વીરરસ ધારણ કરવો. યુદ્ધમાં મૃત્યુનો ભય રાખવો નહિં. ગાય, બ્રાહ્મણ, દેવ, ગુરૂ અને મિત્રને અર્થે તથા દેશનો ભંગ થતો હોય, ત્યારે યુદ્ધમાં મૃત્યુને પણ સહન કરવું. અન્યને વ્રત આપવાની આજ્ઞા, વિદ્યા ઉપર આજીવિકા અને દાન શિવાય બ્રાહ્મણ તથા ક્ષત્રિયની ક્રિયામાં કાંઇ ભેદ નથી. ક્ષત્રિયે દુષ્ટનો નિગ્રહ કરવો. ભૂમિ તથા પ્રતાપનો લોભ રાખવો અને બ્રાહ્મણ શિવાય દાન આપવું.

ઇતિ ક્ષત્રિયવ્રતાદેશ.

## વૈશ્યોનો વ્રતાદેશ.

વૈશ્યોએ ત્રણ કાલ અરિહંત પૂજા કરવી. સાતવાર જિનસ્તવ ભણવા. પરમેષ્ટી મંત્રનું સ્મરણ કરવું. નિર્ગ્રંથ ગુરૂની સેવા કરવી. બંને વખત આવશ્યક કરવા. બારવ્રત પાળવા. ગૃહસ્થને યોગ્ય એવો તપ કરવો. ઉત્તમ ધર્મનું શ્રવણ કરવું. પરનિંદા છોડી દેવી. સર્વ ઠેકાણે યોગ્યતા રાખવી. વેપાર, પશુ પાલન કે ખેતીથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજીવિકા ચલાવવી. પ્રાણનો નાશ થાય તોપણ સમ્યકત્વ છોડવું નહિં. મુનિઓને આહાર, પાત્ર, વસ્ત્ર અને વસતિનું દાન દેવું અને કર્માદાન રહિત સર્વ ઉત્તમ વેપાર કરવો. આ પ્રમાણે ઉપવીત ધારણ કરેલા વૈશ્યે યત્નથી કરવાનું છે.

ઇતિ વૈશ્ય વ્રતાદેશ.

## ચારે વર્ણને સામાન્ય વ્રતાદેશ.

પુજ્ય ગુરૂએ કહેલ દેવ તથા ધર્મ વગેરેનું પાલન કરવું. દેવપુજા, સાધુ પુજા અને બ્રાહ્મણ લિંગીને પ્રણામ કરવો. ન્યાયથી દ્રવ્યનું ઉપાર્જન કરવું. પરનિંદા છોડી દેવી. કોઇનો અવર્ણવાદ કહેવો નહિં. તેમાં ખાસ કરીને રાજા વગેરેનો કહેવો નહિં. પોતાનું સત્વ છોડી દેવું નહિં. દ્રવ્યને અનુસારે દાન આપવું. આવક પ્રમાણે ખર્ચ રાખવો. સમયે સમયે નિયમ પૂર્વક ભોજન કરવું. જેમાં નદી તથા ગુરૂનો યોગ ન હોય, અને અલ્પ જલ હોય, તેવા દેશમાં રહેવું નહિં. રાજા, રાજાના અધિકારી, સ્ત્રી, નદી, લોભી અને પૂર્વના વૈરીઓનો વિશ્વાસ ન કરવો. કાર્ય વિના સ્થાવર પ્રાણીની પણ હિંસા ન કરવી. અસત્ય તથા અહિત વાણી બોલવી નહિં. ગુરૂઓ-વડિલોની સાથે વિવાદ કરવો નહિં. માતા પિતા અને ગુરૂને પરમ તત્વની જેમ માન આપવું. શુભશાસ્ત્ર સાંભળવા. અભક્ષ્યનું ભક્ષણ ન કરવું. જે ત્યાગ કરવા યોગ્ય ન હોય તેનો ત્યાગ ન કરવો. જે ઘાત કરવા યોગ્ય ન હોય તેનો ઘાત ન કરવો. અતિથિ, પાત્ર, દીન, દરિદ્ર, અંધ અને આપત્તિમાં આવી પડેલાને યથાવિધિ દાન આપવું. અપંગ તથા વિકલ માણસોનો કદિ પણ ઉપહાસ ન કરવો. ક્ષુધા, તૃષા, દયા અને ક્રોધ ઉત્પન્ન થાય તો તેને ગોપવવા. શત્રુઓના છ વર્ગનો વિજય કરવો. ગુણોમાં પક્ષપાત રાખવો. દેશાચાર આચરવા. પાપ તથા લોકાપવાદથી ભય રાખવો. સમાન આચારવાળા, સમાન જાતિવાળા તથા અન્ય ગોત્રમાં ઉત્પન્ન થયેલાની સાથે વિવાહ સંબંધ જોડવો. પરસ્પર બાધ ન આવે તેવી રીતે ધર્મ, અર્થ તથા કામને સાધવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનું અને પારકાનું જ્ઞાન રાખવું. દેશકાલનો વિચાર કરવો. સુજનતા, દીર્ઘદર્શિતા, કૃતજ્ઞતા અને સલજ્જપણું રાખવાને પ્રયત્ન કરવો. પરોપકાર કરવો. બીજાને પીડવું નહિં. પરાભવ થાય તેવુ હોય તો પરાક્રમ કરવું. તે શિવાય ક્ષમા રાખવી. જલાશય, શ્મશાન અને દેવાલયમાં સંધ્યાકાળે જવું નહિં, તેમ તે કાળે નિદ્રા, આહાર અને મૈથુન વગેરે વર્જવા. પ્રવેશનું ઉલ્લંઘન કરવું નહિં. કાંઠા ઉપર સુવું નહિં. કુવામાં પડવું નહિં. વહાણ શિવાય નદી તરવી નહિં. ગુરૂના આસન કે શય્યા ઉપર બેસવું નહિં. તાડનાં વૃક્ષ નીચે અને નઠારી જમીન ઉપર બેસવું નહિં. નઠારી ગોષ્ટીઓમાં અને નઠારા કાર્યોમાં સામિલ થવું નહિં. મોટી ખાડને ઓળંગવી નહિં. નઠારા શેઠની નોકરી કરવી નહિં. ચોથનો ચંદ્ર, નગ્ન સ્ત્રી અને ઈંદ્ર ધનુષ્ય ( કાચબી ) કદિપણ જોવા નહિં. હાથી, ઘોડા, નખવાલા પ્રાણી અને નિંદકોથી સદા દૂર રહેવું. દિવસે સ્ત્રીસેવન ન કરવું, અને રાત્રે વૃક્ષ નીચે બેસવું નહિં. કજીયો થતો હોય, ત્યાં પાસે જવું નહિં. દેશકાલ વિરૂદ્ધ ભોજન, કામ, ગમન, આગમન, ભાષણ, આવક અને ખર્ચ કદિપણ કરવા નહિં. આ પ્રમાણે ચારે વર્ણોનો સામાન્ય વ્રતાદેશ કહેલો છે.

ગૃહસ્થ ગુરૂ એ પ્રમાણે શિષ્યને વ્રતાદેશ કરાવી પછી જિનેશ્વરની પ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા કરાવે છે. પછી પૂર્વાભિમુખ થઇ “**नमोत्थुणं**” એ પાઠ ભણાવે છે. પછી ગુરૂ આસન ઉપર બેશી જાય એટલે શિષ્ય તેમને નમસ્કાર કરી કહે છે કે, “ગુરૂજી આપે મને વ્રતાદેશ આપ્યો છે. તે વખતે ગુરૂ કહે છે કે, “મેં આપેલો વ્રતાદેશ તારાથી સારી રીતે ગ્રહણ કરાએલો અને રક્ષણ કરાએલો થાઓ.” તેથી તું પોતે આ સંસાર સાગરને તર અને બીજાને તાર્ય.” આ પ્રમાણે કહ્યા પછી બંને ગુરૂ અને શિષ્ય ચૈત્યવંદન કરે છે. અહિં જિનોપવીતનો વ્રતાદેશ વિધિ સમાપ્ત થાય છે.

## इति व्रतादेश विधिः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણો વર્તમાન ઈતિહાસ અને ઉદય વિચાર.

## વ માન ઇતિહાસ.

જૈનોની લગભગ પંદર લાખ મનુષ્યની વસ્તી હિંદુતાનમાં કહેવાય-ગણાય છે. તે વસ્તીનો મુખ્ય ઉદ્યોગ વ્યાપાર અને નોકરી છે. તેમાં પણ મોટો ભાગ પરાધીન અને નિરૂદ્યમી તથા નિરાશ્રિત છે. શ્રીમન્ત વર્ગ જુજ પંજાબ-માળવા તરફ અને જુજ બંગ દેશમાં છે. બાકીનો જુજ ભાગ ગુજરાત-કાઠિયાવાડ તરફ કંઇક ધર્મ શ્રદ્ધાળુ અને કંઇક નહિ પણ વિશેષપણે બાહ્યાડમ્બરવાળો છે. હવે જે વર્ગ ઉજળો ઉજળો છે તેનો ઉદ્યમ સતેજ તો નહિજ તોપણ ફક્ત નહિ નિસ્તેજ જેવો છે; મધ્યમ વર્ગનો ઉદ્યમ પરદેશી વસ્તુ વ્યાપાર છે; જો કે તે વર્ગની મહેનત મજુર મીસાલ છે પરન્તુ તે સર્વ નિરાલમ્બ છે. જૈન પ્રજાની વસ્તીનો બહોળો ભાગ મુંબાઇ ઇલાકામાં છે. વ્યાપારની મુખ્ય વસ્તુ કાપડ અને કરીયાણું છે; શ્રીમન્ત વર્ગનો જુજ ભાગ ઝવેરીનો ધંધો કરી રહ્યો છે.

**ધર્મતત્વ—**

મુખ્યપણે 'અહિંસા પરમો ધર્મઃ' એ કહેવત ઉપર સર્વ મંડાણ છે. નૈતિક વિષયોનો સમાવેશ પણ ધર્મમાં કરવામાં આવ્યો છે. જીવ હિંસા, જુઠ, અદત્તદાન, ચોરી, મૈથુન, સ્ત્રી સેવન, પરિગ્રહ, ક્રોધ, માન—અહુંભાવ, માયા, કપટ, લોભ, રાગ-મમતા-મોહ. દ્વેષ, કલેષ, આળ ચડાવવું, ચાડી ખાવી, સુખદુઃખ પરત્વે હર્ષશોક ધારણ કરવો, પરનિંદા, આત્મશ્લાઘા, કપટ ભરી વાણી, ઠગ-વિદ્યા, મિથ્યાત્વ-સેવન વિગેરે વિગેરે અનેક પ્રકારના કુકર્મને પાપકાર્ય-નિન્દ્ય કૃત્ય ગણ્યા છે અને તેને અઢાર ભાગમાં વહેંચી નાંખ્યા છે, જે અઢાર પાપસ્થાનને નામે ઓળખાય છે.

**ધર્મના ભાગલા-શાખા ધર્મ—**

જૈન વર્ગમાં ધર્મની બે શાખા છેઃ મૂર્તિ પૂજક અને સ્થાનકવાસી. તે મૂર્તિપૂજકમાં પણ વળી બે ભાગ છે. શ્વેતામ્બર અને દિગમ્બર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાનકવાસી વર્ગ–પ્રતિમા નિષેધક વર્ગ લગભગ ત્રણસો ચારસો વર્ષથી પ્રચલિત મનાય છે. વસ્તીનો મોટો ભાગ શ્વેતામ્બર વર્ગ છે અને તે વર્ગ મુંબાઇ ઈલાકામાં સતેજ જોવામાં આવે છે.

**ધર્મ તિર્થસ્થાન—**

શત્રુંજય, ગીરનાર, આબુજી, તારંગાજી, અંત્રીક્ષજી, અને સમેતશિખરજી વિગેરે મુખ્ય છે; તેનો મોટો ભાગ પર્વતસ્થાન પર છે.

**જીવન—**

સંસારી–ગૃહસ્થી અને ત્યાગી–સાધુ જીવન. સંસારી લોક ધર્મને અવલંબીને વ્યાપાર ઉદ્યમ કરે છે, અને સાધુ પુરૂષો તથા સાધ્વી સ્ત્રીઓ સંસારની સર્વ ઉપાધિઓ ત્યજી દઇને બ્રહ્મચર્યને પાળતા ઉપદેશ દેતા દેતા દેશે દેશ ફરતા અયાચક વૃત્તિથી જીવન ગુજારે છે.

**વર્તમાન સમયે ઉદયના કહેવાતા સ્થાન—**

લગભગ પાંચ સાત વર્ષ પહેલાં આ પ્રજા સંતોષવૃત્તિ ધારણ કરી નિર્માલ્ય ધંધાવડે જીવન ગુજારતી તે છેક છપ્પનના દુકાળ ટાણે છિન્ન–ભિન્ન અવસ્થા ભોગવતી થઇ. નિર્ધનપણાને લીધે વસ્તીનો મોટો ભાગ માતૃ–ભાષાના જુજ જ્ઞાન ઉપર જીવન ગુજારતો; તેમાંથી રાજભાષા શીખવા તરફ વૃત્તિ વળેલી, પરન્તુ આશ્રય વગર અધુરે અધુરે–ધીમે ધીમે રખડતું જીવન ગુજારવું પડવાના દર્શનના-દેખીતા ભયથી ના હિમ્મત થવું પડતું. નિર્ધનપણાએ લોકોને ધર્મજ્ઞાનથી પણ બર તરફ કર્યા એટલે ધર્મજ્ઞાન-રહસ્ય ફક્ત ત્યાગી સાધુઓમાંજ રહ્યુ. આ સ્થિતિમાં ફેરફાર કરવા દેશમાં કેટલાક મંડળો હતા તેમાં કેટલાક નવા ઉમેરાયા અને તેમણે સુધારાના પવન સાથે કંઇ કંઇ પ્રવૃત્તિ કરવા માંડી. જૈન એસોસીએશન, જૈન યંગમેન્સ સોસાયેટી, જૈન માંગરોળ સભા જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગ, જૈનધર્મ પ્રસારક સભા, તથા આત્માનંદ સભા-વિગેરે વિગેરેએ કંઇ કંઇ ઉત્સાહિત પ્રયત્નો તેજ કર્યા, પરન્તુ તે સમાજોમાં અનવકાશ, પરમાર્થ ધર્મ પ્રતિનિરૂત્સાહ, અનાથતા નિર્ધનતા અસહાય્યતા, માંહોમાંહે મતભેદજન્ય કલેશ, બહિરાડમ્બર, ધવળમંગળનો લોભ, અને જ્ઞાનબળની મોટે ભાગે ખોટ હોવાથી તથા દ્રવ્ય સંગ્રહ વિગેરે પ્રકારની બુદ્ધિ પ્રકટ થઇ તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજો કંઇ કરી શકે તે પહેલાં જૈન કોન્ફરન્સ નામે એક મહા મંડળ ઉભું થયું કે જે વર્તમાન સમયે પાંચ છ વર્ષનું એક ન્હાનું બાળક છે.

**ધાર્મીક ખાતા અને દ્રવ્ય ભંડોળ—**

સ્થિતિ ઉપરથીજ કહી શકાશે કે વગર આવકના અનેક મનુષ્યો દારિદ્રય ભોગવે ત્યાં ખાનગી ભંડોળ તો શેનાજ હોય ? વ્યાપાર નહિ કરતા શ્રીમાનોનું દ્રવ્ય સરકારી લોન, પ્રોમીસરી નોટ, શેર, અને વિદેશી બેન્ક વિગેરેમાં રોકાએલું દેખાય છે. હવે ધાર્મિક ખાતાઓ તો દેશોદેશ સેંકડો હજારો બલ્કે લાખો સંખ્યામાં નાના મોટા ઠેર ઠેર જોવા સાંભળવામાં આવે છે, જેમના દ્રવ્યની સંખ્યાનો સરવાળો કઇ રીતે કહી શકાય ? દેશોદેશના ખાતા ગણવા કરતાં મુખ્ય કયા પ્રકારના ખાતામાં તે દ્રવ્ય આવેલું છે તેજ જોઇશું.

**મુખ્ય મુખ્ય ખાતા આ છે**—જીવદયા, ચૈત્યમંદિર, જ્ઞાન, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા; એ ખાતામાં દાન દેવાથી ધર્મ પળાય એવી માન્યતા છે. પાંજરાપોળ, અહિંસકવૃત્તિ વિગેરેનો જીવદયામાં સમાવેશ થાય છે. ઉદ્યોગોદ્ધાર, અનાથાશ્રય વિગેરે શ્રાવક-શ્રાવિકાના ખાતામાં સમાવી શકાય છે. આ સર્વ પ્રકારનાં ખાતાં શહેરે શહેરમાં ઘણું ખરૂં અને ખાસ ચૈત્યને અંગે તો હોયજ છે. ( તિર્થ ) યાત્રા કરવા આવનાર દરેક જણ યથાશક્તિ આ દરેક ખાતામાં કંઇ કંઇ આપેજ છે. ફક્ત તિર્થસ્થાનનાંજ તે દરેક ખાતાંના દ્રવ્યનો જુદો જુદો ખાતાવાર સરવાળો લઇએ તોપણ સાંભળવા પ્રમાણે અનર્ગળ દ્રવ્ય તેમાં (આવી) પડેલું છે.

**પ્રજાની ચળવળ—**

જૈન ગેઝેટ, આત્માનન્દ પ્રકાશ, જૈનધર્મ પ્રકાશ, આનંદ અને સનાતન જૈન એ માસિક પત્રો ઉપરાંત જૈન અને જૈનવિજય તથા જૈન શુભેચ્છક વિગેરે નામના સાપ્તાહિક પત્રોએ અનેક પ્રકારના પોકાર ઉઠાવ્યા છે; પરન્તુ હજુ પણ ખરૂં જોતાં તેઓએ કાંઇ કર્યું નથી; કે કાંતો સત્ય માર્ગજ તેઓને શોધ્યો જડયો નથી અગર તેવો કંઇ પ્રયત્નજ થયો નથી; અથવા તો-ખરૂં કહીયે તો જૈન પ્રજામાં કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સત્ય શોધક અને વિચારક ( હજુ સુધી જાહેર થયેલ ) નથી. તેમજ કોઇપણ જગ્યેથી એવો પ્રયાસ પણ જણાયો નથી કે જે ચારે દિશાએથી આદરણીય થાય, અથવા તો જીજ્ઞાસાવૃત્તિને ઉત્તેજિત કરે. આમ છતાં પણ હમણા હમણા બહિરાડમ્બર દર્શનમાં બહુજ તણાયા જાય છે એ તો જરાપુર અતિશયોકિત વિના સત્યજ લાગે છે. નિડર નિરાભિમાની હિમ્મતવાન નરરત્નોની જૈન પ્રજામાં ખરેજ ખોટજ ખોટ છે. તોપણ શ્રીમન્ત વર્ગ અને તેનો પ્રવાહ જે કાંઇ નવું કરે તે સર્વ કોઇ સ્વીકારવા તૈયાર થઇ જાય છે અને નહિ સ્વિકારનારને બાજુએ ઉભા રહીને ફક્ત જોયાજ કરવું પડે એવો સમય થઇ પડયો છે.

## ધર્માદા પેઢી—

દેશોદ્ધાર કરવાને બદલે ધર્મોદ્ધારને નામે ધર્મવ્યય-વ્યાપાર કરવા તરફ અંધ વલણ ફેરવાઇ ગયું છે. ધર્મસ્થળમાં ધર્મને નામે પેઢી માંડીને વ્યાપાર કરવાનું કારણ પરિણામે નિરાશ્રિત વર્ગ તરફ દયા દાખી તો કરાવે ત્યારેજ !

## સંસ્થા સંસ્થાન—

પાઠશાળા, ઉપાશ્રય, કન્યાશાળા, સમાજશાળા, પુસ્તકશાળા, વાંચનશાળા, બોર્ડીંગશાળા, ભાષણશાળા, પાંજરાપોળ, તિર્થ રક્ષણશાળા, સામાયકશાળા, સંસ્કૃતશાળા, વિગેરે અનેક પ્રકારના નામે સંસ્થા સમાજો ઘણું ખરૂં દરેક શહેરમાં હોય છે; જેમાંની ઘણીક તો પ્રસિદ્ધજ છે.

## પ્રજાપર ખર્ચનો બોજો—

જમણ ફંડ, જ્ઞાનફંડ, પાંજરાપોળ ફંડ, સભા ફંડ, ઉજાણી ફંડ, પુજા ફંડ, પુસ્તક ફંડ, ચૈત્ય ફંડ, સ્થાપના ફંડ, બોર્ડીંગ ફંડ, પારેવા કુતરા બોકડા ફંડ, નિભાવ ફંડ, ઉદય ફંડ જન્મ ફંડ, મીટીંગ ખર્ચ ફંડ, મકાન ફંડ, સાધારણ ફંડ, પાપ નિવારણ ફંડ વિગેરે અનેક પ્રકારના ટીપટપારાના ખરડા દિવસ ઉગ્યા વિના રહે તોજ નીકળ્યા વિના રહે. શ્રીમન્તો ઘેર બેસે, ગરિબો નોકરીપર જાય ત્યારે મધ્યમ પ્રકારના વ્યાપારી વર્ગ ઉપર આ આબરૂ પતાકામાં નામ નોંધાવવાનો લ્હાવો આવી પડેજ પડે. ગરિબો પણ સારાની લાઇનમાં ગણાવા સૌની વાહે બાવો થાવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાય. શ્રીમન્તો તો સારા છેજ. આપે તોપણ શ્રીમન્ત અને ન આપે તોપણ શ્રીમન્ત એટલે પ્રસિદ્ધજ અને આબરૂદાર એટલે આપ્યુંજ ગણાય.

ઉદય ઇચ્છા—

વર્ત્તમાન સમયે આ નિરૂદ્યમી નિર્ધની અને નિરૂત્સાહી પ્રજા પોતાનો ઉદય ચાહે છે. રફતે રફતે તે સમજતા શીખ્યા છે કે દેશનો ઉદય તેજ પોતાનો ઉદય; અને પોતાનો ઉદય તેજ દેશ જ્ઞાતિ કે કુટુંબનો ઉદય. આ આવશ્યક છે કે નિર્ધનીને તે સૂઝવુંજ જોઇએ. હવે આ ઉદય અર્થે ઉદ્યમ ઉદ્યમ અને ઉદ્યમનીજ જરૂર છે. ઉદ્ધાર કે ઉદય માત્ર તેમાંજ રહ્યો છે, એ હવે સુઝવા લાગ્યું છે; પરન્તુ તેના ઉપાય માટે લોકો હજુ અજ્ઞાનાંધકારમાંજ ભટકતા નજરે આવે છે, તે પરતંત્રપણાથી ગરિબોને અને સ્વાર્થીપણાથી શ્રીમન્તોને કદી સુઝવાનું નથીજ નથી.

રૂઢી પ્રચાર—

સ્વતંત્ર જીવન પ્રતિ નિરૂત્સાહ, કેળવણીનું અજ્ઞાન, દ્રવ્ય એજ જીવન એવી માન્યતા પણ તેયે ન હોવા છતાં અસાધારણ સંતોષવૃત્તિ, અને તે પણ એટલે સુધી કે દેશનો—જન્મભૂમીનો—સૂકો પાકો બટકુ—ટુકડો રોટલો પણ બસ થઇ પડે! વિદેશ ગમન પ્રતિ અનાદર તો શું પણ જન્મ ભૂમી તરફ અનહદ પ્યાર, અતિ વાત્સલ્ય ભાવ, 'શ્રી'ની 'ધી' કરતાં શ્રેષ્ટતામય માન્યતા, અતિ ધર્માન્ધતા, આડમ્બરભાવ, વિગેરે નજીવી લાગતી પણ આખરે અતિહાનીકારક જીણી બાબતો ઉપરાન્ત બાળલગ્ન, વૃદ્ધ લગ્ન, પરાધિન લગ્ન, કજોડાં લગ્ન, અનેકલગ્ન, કન્યાવિક્રય, ધર્મને નામે ધાસ્તી આપવામાં શૌર્ય, દેશ કરતાં પણ વિશેષપણે ગૃહપ્રતિ વધુ વ્હાલ, ગૃહવાસીનું દેશની વર્તમાન સ્થિતિથી અજ્ઞાન, પોપટીયા જ્ઞાનનો શોખ, વારસામાં મળેલી મોટાઇનો સ્વીકાર, અભિમાનનું પૂર, અનહદ ખર્ચ કે શોભામાં પાછી પેની નહી કરવાનું ગાંડપણ, સ્વઉદર પોષકતા, ગાડરિયા પ્રવાહી વ્હેનમાં તણાઇ જતી વ્હેલમાં બેસીને મોટાના પુંછડા થવામાંજ માન મોટાઇ અને આબરૂ તથા કીર્તિ છે એવી ડહાપણ ભરી સમજણ, નિરૂદ્યમ પ્રતિ ચાહ, આજુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાજુ નિહાળવામાં કે વિચારવામાં બેદરકારી, પરનો સુધારો ગ્રહવામાં પાછળ રહેવાની ટેવ, બોલવામાં શૂરાતન પણ કરવામાં તદ્દન ધીરાપણું, લખવા બોલવામાં શાણપણ, ધર્મને નામે પેઢીનું મંડાણ, વિગેરે પ્રકારના રૂઢી પ્રચાર બહુ બહુ જડી આવે છે–ચાલુજ ચાલુ છે.

## ઉદય વિચાર.

### ફેરફારની જરૂર—

સ્વતંત્ર જીવનવડે સુખ પ્રાપ્તિ સારૂ વિદેશ ગમનથી ઉદ્યમ જ્ઞાન કેળવણી પ્રચાર, ધર્મમાં નિરાશ્રિતપર ઉદ્યમાશ્રયનો ઉપકાર, અને અનાથાલયવડે આશ્રયના આશિર્વાદ, સ્વાશ્રયી લગ્ન ચર્ચાને ઉત્તેજન લેખન વાંચન સારૂ સસ્તો સાહિત્ય સંગ્રહ, તત્વના અભ્યાસિને સાહાય્ય અને સ્વતંત્ર વિચારને પોષણ, દ્રવ્ય વગરના ધર્મનું ધ્યાન, ગરિબોને દાન, બોલવા કરતાં સ્વકર્તવ્ય તરફ ભાવના અને તે પાળવામાં શૌર્ય, ગ્રહણ કરવામાં સંતોષવૃત્તિ અને તો પણ દાન પ્રતિ ઉત્તેજીતવૃત્તિ, ખર્ચનું આગળથી બજેટ–નિર્માણ, ઉદ્યમનુંજ સેવન, હંસવૃત્તિમય જ્ઞાન, હુન્નર એજ કેળવણી વિગેરે વિગેરેની જરૂર છે.

### કોણે. કયા ધોરણે, કયા ઉપાયો યોજવા ?—

પ્રાચિન સમયના રાજ્યકર્ત્તા આગેવાનો પ્રજાના દ્રવ્ય ભંડારને રાજ્ય–દ્રવ્ય તરિકે લેખતા; એટલે કે પ્રજાના સુખને ભોગે રાજ્ય કોઠી ભરપુર કરતા નહિ, પરંતુ પ્રજાના સુખને અર્થે રાજ્ય ધન ભંડાર ઠલવી આપતા, અને રાજ્ય સંકટ વેળા તેના કરતાં પણ વિશેષ ત્વરાએ દ્રવ્યાધિપતિઓ રાજ્યાસન આગળ સ્વસંચિત વા ઉપાર્જિત દ્રવ્ય આપી દઇ રાજ્યસેવામાં ખડે પગે હાજર થતા. આ રીતેજ પ્રજા–દ્રવ્ય રાજ્ય દોલત ગણાતી અને રાજ્યભંડાર પ્રજા સારૂજ પ્રજા પાસેથી સંગ્રહિત કર્યો હોઇ પ્રજાના લાભાર્થે ત્વરિત ઉછાળવામાં આવતો. પુર્વેના દોલતમંદ આગેવાનો પણ અનર્ગળ દ્રવ્ય તેજ પ્રમાણમાં ધર્મ પાછળ પણ ખરચતા; અને તે ધર્મ તે આપણા સાત પ્રકારના ખાતાં. આ સાતે ખાતાવારનું પુષ્કળ દ્રવ્ય તે વેળા ત્વરિત ઉપયોગમાં લેવા માટે વ્યય કરી દેવામાં આવતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું. મુસલમાની રાજ્યસ્થાપનવેળા આ સર્વ વસ્તુસ્થિતિ છિન્ન-ભિન્ન થઇ ગઈ અને હતુ તે ત્યાંજ ગુપ્તપણે સ્થીર કરી દાટી દેવા-માં આવ્યું. આમ છતાં પણ ધર્મને બીજી પણ અનેક રીતે અનગળ નુકસાન થયું. વેળા વીતતાં વર્તમાન સમયે હજુ પણ એ રૂઢીપ્રચાર રહી ગયા છે; જો કે જાવક–ખર્ચ–કરતાં આવક ઉપાર્જન દ્રવ્ય પુષ્કળ પ્રમાણમાં આવે છે, જ્યારે પ્રથમના ધર્મસંકટ સમયે ઉપાર્જનની કષ્ટમય સ્થિતિ હતી. ઉજળી સ્થિતિનું દર્શન પ્રથમ પગલે તો દુઃખઃમય હતું. આવક નહિ અને ખર્ચતો હતુંજ. તે નીભાવવા સારૂ પ્રાપ્ત સ્થિતિ વશ રહેતા–ગુપ્તપણે ચલગ્યે જવું પડતું; સુભાગ્ય યોગે આ સમય સ્વપ્નવત્ દૂર ગયો છે તો હવે પુર્વવત્ શામાટે વર્તન શરૂ રહેવું જોઇએ? આવક એજ સુચિન્હ છે તો તે સુચિન્હને વધાવી લેવા દ્રવ્યનો ખાતાવાર સુવ્યય કર્યેજ જવો એજ શ્રેયસ્કર છે.

પરન્તુ આ પૂર્વે એક ગંભીર પ્રશ્ન આડે આવે છે, અને તે એજ કે તે સર્વ દ્રવ્ય સંરક્ષણની શંકાજ પ્રથમ પદે દરેકને ઉભી થાય છે અને તે વ્યાજબીજ છે તોપણ ત્યારે તેનો ઉપાય શું? સર્વ દ્રવ્ય ભિન્ન ભિન્ન સ્થળે છુટી છુટી ખાનગી આશામીના કબજા-માં અને વધુ વ્યાજબીપણે ખુલ્લુ કહીયે તો કદાચ ખાનગી ઉપ-યોગમાં પણ મોટે ભાગે અને માનવા પ્રમાણે તદ્દન અચોક્કસપણા-માં નહિ અને કદાચ તેમ હોવાપણાની શંકા કે ખાત્રી શિવાય પણ છુપાઈ રહેલું જાણવા સાંભળવામાં આવે છે. આ રીતે ઘડીભર માનવા પ્રમાણે તે દ્રવ્ય સંબંધી શંકા જન્મ દૂર કરવા માટે શું ઉપાય કરવાની જરૂરીયાત છે. તેજ પ્રથમ વિચારવાની જરૂર છે. ખાનગી આસામીઓ પોતાની સત્તાતળે રહેલા તે દ્રવ્યનો સ્વેચ્છા પૂર્વક વ્યય કરવાનો હક ધરાવવાનું ગુમાન રાખે છે; અને તેથી વિશેષ તે દ્રવ્યની હયાતી હોવાપણાની વાત સદન્તર કે છેવટે ઓછાવત્તા પ્ર-માણમાં નામુક્કર જઇ શકવા પણ સ્વતંત્ર છે. આ રીતે ઉપરી સત્તા –આધિપત્યનો પ્રશ્ન સર્વને ચમકાવે છે તેજ આગળ આવીને અહીં ઉભો રહે છે; અને આ કારણેજ કોન્ફરન્સને પણ સત્તાધિકારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંડળ ગણવામાં પ્રશ્ન ઉત્પન્ન થાય છે. કોન્ફરન્સના, કહો કે દેશના આગેવાનો-ધર્મીઆગેવાનો સર્વત્ર આગેવાનોજ છે અને તે તેમજ રહેશે, તોપણ તેઓ સ્વસત્તા ત્યજી દેવા કે ઉઘાડી પાડવા તદન નારાજ છે; અને તે સારૂ તેઓ સ્વતંત્ર સત્તાધારી રહેવા માગતા હોય તેમ જણાઇ આવે છે. આ વાત એક રીતે આગેવાનોમાં આપસ આપસની લડવાડ જેવી છે; અને તે લડવાડથી દેશના નબળા વર્ગનેજ અન્તે નુકસાન છે. આગેવાનો સ્વતંત્ર સત્તાના બાચકા સારૂ પરસ્પર કોઈ કોઇને કશી રીતે કંઇપણ કહી શકે એમ છેજ નહિ; કારણકે તેમાં પ્રથમ તો તેઓને પોતાનેજ પોતાની સત્તાનુંજ નુકસાન આડે આવે છે; ત્યારે હવે જે કરવાનું છેલ્લે બાકી રહે છે તે એજ કે સામાન્ય વર્ગેજ આ બાબતનો ઉહાપોહ કરી પોકાર કરવાની જરૂર છે; તે પોકાર ઉઠાવવા પહેલાં તે બાબત સારૂ એક ધોરણ નિયત કરવાની જરૂર છે. તે ધોરણ તે સર્વોપરિ સત્તાની બાબતમાંજ, કોન્ફરન્સથી એક નિરાળુ મંડળ આ યોજના સારૂ ઉભુ કરવાની જરૂર છે. કોન્ફરન્સથી અલગ એટલા સારૂ કે કોન્ફરન્સ મંડળે ફક્ત સલાહ આપવા માટેજ એકત્ર થઇ પ્રજાજન સારૂ સુવિચાર દર્શાવવાનુંજ કાર્ય સ્વહસ્તે કરવું અને દ્રવ્યથી દૂર રહેવું કે જેથી દરેક દરેક વ્યક્તિ ' કોન્ફરન્સ દર્શન ' નહિપણ ' કોન્ફરન્સ વિચારમાળા ' ને સમજી ભણી જાણવા સારૂ આતુર થઇ સહેલથી સ્વમેળે-વિના આગ્રહે આવી તે યોજના મુજબ વર્તવા જીજ્ઞાસા ઉત્તેજીત રહે; અને તે વેળા આ નિરાળુ મંડળ દ્રવ્ય સંબંધી અને તે વડે કરવાના દરેક કાર્યને હાર પાડવા માટે અમલમાં મૂકવા સારૂ કોન્ફરન્સ મંડળે આપેલી તે સલાહનો સદુપયોગ કાર્યરૂપે ( દ્રવ્યવડે ) કરી દર્શાવે અને લાભદાયક પરિણામ પ્રત્યક્ષ કરાવે. આ રીતે બે જુદા જુદા મંડળો જુદી જુદી સત્તા-વિચાર સાચવે-ફેળે-ફેરવે અને ' શ્રી ' ના જેટલી બલ્કે તે કરતાં પણ અધિકપણે ' ધી ' સ્વબુદ્ધિ બળ દર્શાવી આગી સ્વપદવીને સારૂ ઉચ્ચસ્થાન પ્રાપ્ત કર્યું તે ફળદાયી પ્રત્યક્ષ કરાવી શકે. આ પ્રકારના દ્રવ્યાધિકારી ( દ્રવ્ય વ્યય વિષે સલાહકાર ) મંડળને દ્રવ્યની પૂર સત્તા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોંપવા તથા દ્રવ્યના સુરક્ષણની ઉત્તમોત્તમ યોજના સર્વ માન્ય કરવા ' જૈન બેંક ' સિવાય અન્ય એકે માર્ગ બાકી નથીજ નથી. દ્રવ્ય વ્યય વિષે સલાહકાર કૌંસીલના રક્ષણ તળે આ ' જૈન બેંક ' નામે સાર્વજનિક દ્રવ્ય સાચવવાની પેઢી ખોલ્યા સિવાય કદીપણ આ શલ્ય દૂર થવાનું નથી નથી ને નથીજ. આમ ' બેંક ' સ્થાપના થવા પછીજ સર્વ સ્થાનોનું સાર્વજનિક દ્રવ્ય એકઠું કરી શકાશે અને તે દ્રવ્ય સાત ખાતાવાર સુગમતાથી વ્યય કરી શકવાનું તે પણ આ મંડળથી ત્યારપછીજ બની શકશે. વળી દ્રવ્ય સુમાર્ગે વાપરનારાઓને માટે આ સલામત સ્થાન તથા સદ્વ્યયની દ્રઢતા બંધાયાથીજ તે તરફ સર્વેની અમીદ્રષ્ટીજ રહેશે, એ અતુલ્ય લાભ છે.

( અપૂર્ણ. )

## જૈન સ્ત્રીઓ માટે હરિફાઇનું ઇનામી ભાષણ.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી હસ્તકના રૂપાંબાઇ ફંડ ખાતેથી **“સ્ત્રીઓની તન્દુરસ્તી સુધારવાના** ઉપાય” એ વિષય પર અમદાવાદમાં આવતા નવેંબર માસમાં સ્ત્રીઓની સભા સમક્ષ હરિફાઇથી ભાષણ કરાવવાનું છે. ભાષણકર્તી સ્ત્રીઓને યોગ્યતાના પ્રમાણમાં ઇનામો આપવા માટે એકંદર ચાળીશ રૂપીઆ સુધી ખર્ચવાના છે. આ ભાષણ માટે **માત્ર જૈન કોમની કન્યાઓ તથા સ્ત્રીઓજ** ઉમેદવારી કરી શકશે. જે જૈન કન્યાઓ તથા સ્ત્રીઓની આ ભાષણ આપવાની ઇચ્છા હોય તેમણે નીચે સહી કરનારને તા. ૧ માહે નવેંબર સન ૧૯૦૮ સુધીમાં લેખી અરજીથી જણાવવું. ભાષણની તારીખ મુકરર કરી ઉમેદવાર સ્ત્રીઓને જણાવવામાં આવશે. તા૦ ૨-૯-૦૮.

લાલશંકર ઉમીયાશંકર ત્રવાડી,
ઑનરરી સેક્રેટરી, ગુ૦ વ૦ સોસાઇટી
અમદાવાદ.

For Private And Personal Use Only